**શૈક્ષણિક મ્યુઝીયમ ( Educational Museum) ની રચના માટે ટેન્ડર બહાર પાડવા માટેની તા.૦૪/૦૨/૨૦૧૩ ના રોજ મળેલ બેઠકની મુદ્દા નોંધ :**

---

શૈક્ષણિક મ્યુઝીયમ ( Educational Museum) ની રચના માટે ટેન્ડર બહાર પાડવા માટે આજરોજ તા. ૦૪/૦૨/૨૦૧૩ ના રોજ બપોરે ૪:૦૦ કલાકે ટેન્ડર સમિતિ સહિતની એક બેઠકનું આયોજન ડો. એચ. જે. દેરાશ્રી, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારીના અધ્યક્ષસ્થાને એ.બી.એમ. કોલેજના કોન્ફરન્સ રૂમ નવસારી ખાતે રાખેલ જેમાં નીચે મુજબના યુનિ. અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ હાજર રહેલ હતા.

| અ.નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ડૉ. એચ. જે. દેરાશ્રી | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી |
| ૨ | ડૉ. એન. એલ. પટેલ | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનિય કોલેજ, ન.કૃ.યુ., નવસારી |
| ૩ | ડૉ. એ. એમ. બાફના | આચાર્યશ્રી, અસ્પી એગ્રી બિઝનેશ મેનેજમેન્ટ કોલેજ, ન.કૃ.યુ., નવસારી |
| ૪ | ડૉ. જી. જી. રાદડીયા | પ્રાધ્યાપક, કિટકશાસ્ત્ર વિભાગ,ન.મ.કૃ.મહા વિ., ન.કૃ.યુ., નવસારી |
| ૫ | ડૉ. બી. એલ. રાદડીયા | નિયામકશ્રી, આઈ.ટી., ન.કૃ.યુ., નવસારી |
| ૬ | પ્રો. વી.પી. વેજપરા | કાર્યક્રમ વ્યવસ્થાપકશ્રી, સરદાર સ્મૃતિ કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી |
| ૭ | ડૉ. જી. બી. કાલરીયા | તાલીમ સહાયકશ્રી, તાલીમ અને મુલાકાત યોજના, ન.કૃ.યુ., નવસારી |
| ૮ | પ્રો. બી. સી. નાયક | માહિતી અધિકારીશ્રી, વિ. શિ. નિયામકશ્રીની કચેરી, ન.કૃ.યુ., નવસારી |
| ૯ | ડૉ. આર. એમ. નાયક | મદદ. વિસ્તણ શિક્ષણ શાસ્ત્રીશ્રી, વિ. શિ. નિ.શ્રીની કચેરી, ન.કૃ.યુ., નવસારી |

સદરહુ મિટીંગમાં ડૉ. એચ. જે. દેરાશ્રી, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ સૌને આવકાર્યા અને મીટીંગમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

મુદ્દા નં–૧ : શૈક્ષણિક મ્યુઝીયમ ( Educational Museum) તૈયાર કરવા માટે ટેન્ડર બહાર પાડવા માટેની ચર્ચા કરતાં, સદરહુ મ્યુઝીયમની સૌ પ્રથમ ડિઝાઈન અને ડીસપ્લે તેમજ તેમાં રજુ કરવા અંગેના ચાર્ટસ, નમૂના, મોડેલ વિગેરેની સંપૂર્ણ વિગતો દર્શાવતી ડીઝાઈન સૌ પ્રથમ ટેન્ડર દવારા મેળવવી. સદરહુ ડિઝાઈન અને વિગતો માટે માનનીય કુલપતિશ્રી, ન.કૃ.યુ., નવસારીની અનુમતિ મેળવી ઈ–ટેન્ડર બહાર પાડવું. સદરહુ ઈ–ટેન્ડરની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવાનું ઠરાવ્યું.

અમલીકરણ :– વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી,
અને
નિયામકશ્રી, આઈ.ટી. વિભાગ, ન.કૃ.યુ., નવસારી

મુદ્દા નં–૨ : શૈક્ષણિક મ્યુઝીયમની ડિઝાઈનનું ઈ–ટેન્ડર બહાર પાડી, ટેન્ડર દવારા આવેલ વિવિધ કંપનીઓની ડિઝાઈનમાંથી મ્યુઝિયમ માટેની ડિઝાઈન અને સંલગ્ન વિગતો ફાઈનલ કરવા માટે યુનિવર્સિટીની ઉચ્ચકક્ષાની એક સમિતી તૈયાર કરી તેના દવારા ડિઝાઈન અને સંલગ્ન વિગતો નકકી કરવી એવું ઠરાવ્યું. ત્યારબાદ સમિતિ દવારા સૂચવેલ ડિઝાઈનના આધારે શૈક્ષણિક મ્યુઝીયમની કામગીરી માટેનું ઈ–ટેન્ડર બહાર પાડવા માટેની કાર્યવાહી હાથ ધરવાનું ઠરાવ્યું.

અમલીકરણ : વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી,
આચાર્યશ્રી, અસ્પી એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ કોલેજ અને
નિયામકશ્રી, આઈ.ટી.વિભાગ, ન.કૃ.યુ., નવસારી

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતા ડૉ. આર.એમ. નાયકે સૌનો આભાર વ્યકત કરી મિટીંગની કાર્યવાહી પૂર્ણ કરી.

જા.નં.નકૃયુ/વિશિનિ/ટી–૨/૫૪૪–૫૫૩/૨૦૧૩
તા. ૦૫ /૦૧/૨૦૧૩ નવસારી

વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

નકલ સવિનય રવાના પ્રતિ :
(૧ ) ઉપર દર્શાવેલ સમિતિ અધિકારીશ્રી/સભ્યશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.
(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારું.